# કોરોનાને નિમંત્રણ આપતો વરઘોડો : પોશીનાના નાડા ગામમાં વરઘોડામાં ડી.જે.ના તાલે લોકો ઝૂમ્યા

**પોલીસ તમાશો જોતી રહી, ૨૫ થી ૩૦ જણના ટોળા સામે અંતે ગુનો નોંધાયો, સરકારી ગાઈડ લાઈનના લીરા ઉડ્યા**

બાયડ / હિંમતનગર, તા.૧૪

કોરોના સંક્રમણ કાબુમાં આવતાં રાજ્ય સરકાર દ્વારા ધંધા-રોજગારમાં વ્યાપક છૂટછાટ આપવા સાથે કોરોના ગાઈડલાઈનનો અચૂક અમલ કરવા તાકીદ કરી છે. પરંતુ પોશીનાના નાડા ગામમાં લગ્નના વરઘોડામાં જનમેદની ડી.જે.ના તાલે ઝૂમતી હોવાનો વિડીયો વાયરલ થતાં સ્થાનિક તંત્ર અને પોલીસ ઉંઘતું ઝડપાયું છે. સરકારી ગાઈડલાઈનના રીતસરના લીરા ઉડ્યા છે. તંત્ર અને પોલીસ સજાગ નહીં બને તો આવનારા દિવસોમાં કોરોના સંક્રમણ વધુ બેકાબુ બનવાની દહેશત સેવાઈ છે.

જિલ્લામાં લગ્નસરાના અવસરમાં કોરોના ગાઈડલાઈનના લીરા ઉડી રહ્યા છે. પોલીસ લગ્ન પ્રસંગમાં નિયમનું પાલન કરવા જાય તો હુમલાના બનાવ પણ નોંધાયા છે આ સંજોગોમાં પોલીસ માટે લગ્નના અવસરમાં વિલન બનવું હવે મુશ્કેલ બન્યું છે. તાજેતરમાં માલપુરના ગ્રામ્ય વિસ્તારમાં ડી.જે. વગાડવા મુદ્દે લગ્નના અવસરમાં ધમસાણ મચ્યું હરકતમાં આવેલી પોલીસે ૩ દિવસ પછી ગુનો નોંધ્યો. જ્યારે પોશીના તાલુકામાંથી કોરોના કાયમી ગાયબ થયો હોય તે રીતે હવે લગ્ન સહિત શુભ પ્રસંગોમાં ટોળે ટોળાં એકત્ર થાય છે. મોટાભાગના લોકો માસ્ક પહેરતા નથી અને સોશયલ ડિસ્ટન્સનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. નાડા ગામમાં લગ્નના અવસરમાં ડી.જે.ના તાલે ૨૦૦ થી વધુ લોકો ઝૂમતાં હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાંની સાથે સનસનાટી મચી હતી. બનાવની ગંભીરતા જોઈ પોશીના પોલીસ ગામમાં દોડી ગઈ હતી અને સરકારી ગાઈડલાઈનના લીરા ઉડાડવા બદલ ૨૫ થી ૩૦ જણના ટોળા સામે ગુનો નોંધી સંતોષ માન્યો છે. પરંતુ ટોળામાંથી કોરોનાનું સંક્રમણ અન્યોને ચેપ લગાડશે અને કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો જવાબદારી કોની..??

### ટોળા સામે જાહેરનામા ભંગનો ગુનો : પી.એસ.આઈ.

પોશીનાના નાડા ગામમાં લગ્નના અવસરમાં ડી.જે.ના તાલે લોકટોળાં નાચવા લાગ્યાં હતાં. કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની સાથે જાહેરનામાનો ભંગ થતો હોવાથી પોશીના પી.એસ.આઈ., એ.બી. મિસ્ત્રીએ જણાવ્યું કે ૨૫ થી ૩૦ જણના ટોળા સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. ૨૦૦ થી ૩૦૦ લોકોના ટોળામાંથી માત્ર ૨૦ થી ૩૦ જણને ગુનેગાર બતાવી સંતોષ માનવાથી કોવિડ-૧૯ ગાઈડલાઈનનો સાચો અમલ થશે ખરો..??

# જિલ્લામાં જળ સંચય માટે કરોડો રૂપિયા ખર્ચાયા પછી ચેકડેમ માટીમાં ધરબાયા

**બંન્ને જિલ્લામાં ૩૦૦ થી વધુ ચેકડેમ માટીમાં દબાતાં અસ્તિત્વ ભૂંસાયું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ આંગણે આવીને ઉભું છે. ચોમાસા દરમ્યાન ફોગટમાં વહી જતું વરસાદનું પાણી રોકવા માટે જળસંચય અભિયાન પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા પરંતુ ફોગટ જાય તેવી સ્થિતિ છે. કરોડો રૂપિયાના આંધણ પછી તૈયાર કરાયેલા ચેકડેમ માટીમાં ધરબાયા છે. જેના કારણે પાણીનું એક ટીપું પણ બાંધવામાં આવેલા ચેકડેમ સ્થળે સંગ્રહીત ન થઈ શકે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ૩૦૦ થી વધુ ચેકડેમ માટીમાં દબાયા પછી સાફસફાઈ ન થતાં અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે.

રાજ્ય સરકાર ભૂગર્ભ જળની સપાટીમાં સુધારો આવે અને પાણીની સમસ્યાનું નિરાકરણ થાય તેવા આશયે જળ અભિયાન ચલાવે છે. નદી, તળાવ, ચેકડેમમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી સંગ્રહીત થાય તે માટે કરોડો રૂપિયાનું સરકાર આંધણ કરી રહી છે. તાજેતરમાં જળ બચાવો અભિયાન હેઠળ બંન્ને જિલ્લાના તમામ તાલુકાઓમાં કામગીરીનો દેખાડો કરવામાં આવ્યો પરંતુ ચેકડેમ ઉંડા કરવા પાછળ થયેલ કામગીરી માત્ર કાગળ ઉપર થઈ હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે. ચોમાસુ નજીક આવ્યું હોવા છતાં ગ્રામ્ય વિસ્તારમાં પાણીનું સંગ્રહ થાય તે માટે તૈયાર કરાયેલા ચેકડેમ કાંપ અને માટી નીચે ધરબાઈ ગયા છે.

ફોગટમાં વહી જતા વરસાદી પાણીને રોકી જળસ્તર ઉંચાં લાવવા માટે ચેકડેમ દ્વારા જળ અભિયાનનો સારો આશય સાકાર થઈ શક્યો હતો પરંતુ પાછલા કેટલાક વર્ષોથી ચેકડેમની સફાઈ થઈ ન હોવાના કારણે તેમનું અસ્તિત્વ જ ભૂંસાઈ ગયું છે. જેના કારણે આગામી ચોમાસા દરમ્યાન વરસાદી પાણી સંગ્રહીત થવાને બદલે ફોગટમાં વહી જશે. ચેકડેમની હાલત સ્થળ ઉપર જઈ ચકાસવામાં આવે તો જળ સંચય માટે કરોડો ખર્ચાયા હતા ત્યાં હવે ચેકડેમ ખુદ માટીમાં ધરબાયેલા નજરે પડી શકે છે.

# રાહતના સંકેત : ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં માત્ર ૯૧૨ સંક્રમિત કેસ

**કોરોના ૭૦૦થી વધુ લોકોને ભરખી ગયો, પ્રજાએ ફરજીયાત માસ્ક પહેરવો પડશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસમાં ઘટાડો થતાં મોટાભાગે ગુજરાત અનલૉક થયું છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન માત્ર ૯૧૨ સંક્રમિત કેસ નોંધાયા છે તે જોતાં ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં કોરોના ઉપર કાબુ મેળવ્યાનું ચિત્ર ઉપસ્યું છે. પરંતુ અત્યાર સુધીમાં કોરોના ઉત્તર ગુજરાતમાં ૭૦૧ લોકોને ભરખી ગયો છે. છેલ્લા બે દિવસથી બજાર, દેવમંદિરો, પર્યટક સ્થળોએ જે રીતે ભીડ ઉમટી રહી છે, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું છે અને અનેક લોકો માસ્ક પહેરવા બાબતે બેદરકાર હોવાથી કોરોના ફરીથી ઉથલો મારે તેવી દહેશત સેવાય છે.

કોરોના ઉપર અંકુશના સંતોષ સાથે ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે જીવલેણ સાબિત થાય તેવી આશંકાના પગલે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા દરેક જિલ્લામાં ઓક્સિજન સાથેના વધુ બેડ તૈયાર રાખવા, ખાનગી બાળરોગ નિષ્ણાત ડૉક્ટરોને જરૂર પડે સેવા લેવા માટેના આગોતરા આયોજનો શરૂ થયા છે તેમ છતાં પ્રજા હજુ કોરોના બાબતે ગંભીર નથી. કોરોનાની પ્રથમ લહેર પછી બીજી લહેરમાં ઉત્તર ગુજરાતમાં અસંખ્ય લોકોના મોત નિપજ્યા. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાતા મોતના આંકડા બાબતે અનેક આશંકાઓ વ્યક્ત થઈ. સરકારના આરોગ્ય વિભાગના આંકડા અને સ્મશાન ગૃહોમાં આવતા મૃતદેહોના આંકડાઓમાં મોટો તફાવત હતો. ખાસ કરીને એપ્રિલ અને મે. મહિનામાં કોરોનાએ સમગ્ર ઉત્તર ગુજરાતમાં હાહાકાર મચાવ્યો. હોટલમાં બેડ ખૂટી પડ્યા, દર્દીઓ ટપોટપ મરતાં સ્મશાન ગૃહોમાં લાકડાં ખૂટી પડવાની સમસ્યા પણ સામે આવી હતી. એક તબક્કે રાજ્ય સરકારે કોરોનાના કારણે મૃત્યુ દર વધતાં વન વિભાગને પોતાની પાસેથી જલાઉ લાકડાં માંગણી મુજબ જે તે પંચાયતોને સ્મશાન ગૃહો માટે વિના મૂલ્યે આપવાનો પરીપત્ર કર્યો હતો. પરંતુ ગુજરાતીઓ હવે કોરોના કાયમી ગાયબ થઈ ગયો છે તેમ માની એક સ્થળેથી બીજા સ્થળે બિન્દાસ્ત ફરી રહ્યા છે. સંભવિત ત્રીજી લહેરમાં સ્થિતિ વધુ વિકરાળ બનવાની દહેશત છે પરંતુ છેલ્લા ૪ દિવસથી કોરોના સંક્રમણના ઓછા કેસથી આરોગ્ય તંત્ર અને હોસ્પિટલ સ્ટાફ રાહત અનુભવી રહ્યો છે પરંતુ કોરોનાનો ત્રીજો ઉથલો વધુ વિનાશક બને તેવી દહેશત છે.

### કોરોના સંક્રમિત કેસ અને મોત..

| જિલ્લો | સંક્રમિત કેસ | કુલ મોત |
|---|---|---|
| મહેસાણા | ૬૪૩ | ૧૭૭ |
| પાટણ | ૨૬ | ૧૨૯ |
| સાબરકાંઠા | ૮૨ | ૧૫૭ |
| અરવલ્લી | ૮૭ | ૭૬ |
| બનાસકાંઠા | ૭૪ | ૧૬૨ |

# ઉત્તર ગુજરાતમાં કપાસનું બિયારણ તૈયાર કરતા ખેડૂતોનું શોષણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઉત્તર ગુજરાતમાં કપાસનું બિયારણ તૈયાર કરનાર ખેડૂતોનું શોષણ થઈ રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષથી ટ્રાયબલ વિસ્તારમાં કપાસનું પ્લોટીંગ કરનાર આદિવાસી ખેડૂતોને કીલો દીઠ બિયારણનો રૂા.૪૩૦ ભાવ ચૂકવવામાં આવતાં ખેડૂતોમાં નારાજગી પ્રવર્તિ રહી છે. પ્લોટીંગમાં કાળજીપૂર્વક ઉચ્ચ ગુણવત્તાનું કપાસનું બિયારણ તૈયાર કરવામાં ખેડૂતો રાત-દિવસ એક કરી નાખે છે અને સામે મજૂરી સહિતના ભાવ વધ્યા હોવા છતાં બિયારણના યોગ્ય ભાવ ચૂકવવામાં ન આવતાં અનેક ખેડૂતો બિયારણ તૈયાર કરવાથી મોં ફેરવી રહ્યા છે.

ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાના પ્રયાસો છતાં સ્થિતિ ઠેરની ઠેર રહી છે. ધાન્ય પાકનું ઉત્પાદન કરનાર ખેડૂતોની સાથે વર્ષોથી ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ તૈયાર કરનારા ખેડૂતોને પણ યોગ્ય ભાવ મળતા નથી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પાછલા કેટલાક વર્ષોથી કપાસના વાવેતર વિસ્તારમાં સતત વધારો થઈ રહ્યો છે. અસંખ્ય ખેડૂતોએ કપાસનું પ્લોટીંગ કરી બિયારણ તૈયાર કરી રહ્યા છે પરંતુ કંપનીઓ દ્વારા પ્લોટીંગના યોગ્ય ભાવ ચૂકવવામાં આવતા નથી. કપાસનું બિયારણ તૈયાર કરવામાં માટે ભાગે આદિવાસી ખેડૂતોએ વધુ રસ દાખવ્યો છે પરંતુ તેમનું શોષણ થઈ રહ્યું છે. ૧૦ વર્ષથી ચૂકવાતા બિયારણના કપાસના ભાવમાં કોઈ વધારો આજદિન સુધી કરવામાં ન આવ્યો હોવાના કારણે અસંખ્ય ખેડૂતોએ હવે કપાસના પ્લોટીંગ પરથી મન અન્ય ખેતીમાં પરોવી દીધું છે. કપાસના બિયારણનો પ્લોટ તૈયાર કરવામાં ખેડૂતો રાત-દિવસ કાળી મજૂરી કરતા હોય છે અને પ્લોટ તૈયાર થાય ત્યારે કાળજીપૂર્વક કપાસનાં જીંડવાં ઉતારવામાં વધુ શ્રમજીવીઓની જરૂર રહેતી હોય છે. છેલ્લા કેટલાય સમયથી ખેતમજૂરીની ભાવ વધ્યા છે પરંતુ કપાસનું બિયારણ તૈયાર કરનારા ખેડૂતોને વધુ ભાવ ચૂકવવામાં આવતા ન હોવાના કારણે ખેડૂતો નારાજ જોવા મળી રહ્યા છે.

**૧૦ વર્ષથી કીલો દીઠ રૂા.૪૩૦નો ચૂકવાતો ભાવ**

# મોડાસા શહેરથી અલગ સબડીવીઝનની માંગ ઉર્જા વિભાગમાં અટવાઈ

**એક ડીવીઝનમાં ૩૪ ગામના સીમાવેશથી વિજ લોડ : ડીવીઝન અલગ થાય તો વીજળીની સમસ્યા ટળી શકે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

મોડાસા શહેરી વિસ્તારથી અલગ સબડીવીઝનની માંગની ઉર્જા વિભાગ સમક્ષ કરવામાં આવી હોવા છતાં વર્ષોથી તેનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાના કારણે મોડાસાને શહેરને વિજ પુરવઠો પૂરો પાડનાર ડીવીઝનમાં વિજ લોડ અનેક ગણો વધ્યો છે. એક ડીવીઝનમાં ૩૪ ગામના સમાવેશના લીધે વારંવાર વીજળીના ફોલ્ટ સર્જાતા હોય છે જેથી ઉર્જા વિભાગ શહેરથી અલગ ડીવીઝનની માંગને મંજૂરી આપે તો મોડાસાના નગરજનોને વીજળીના લોડમાંથી મુક્તિ મળી શકે છે.

અરવલ્લીના પાટનગર મોડાસાના વિકાસની સાથે તેની આસપાસના ૫ કી.મી. દૂરના ગામોનો ફુદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે. શહેર અને ગામડાંના ધંધા-રોજગારોનો મોટો આધાર વીજળી ઉપર નિર્ભર રહેતો હોય છે પરંતુ વર્ષોથી મોડાસા નજીકના ગામોનો શહેરી વિસ્તારના સબડીવીઝનમાં સમાવેશ કરવામાં આવ્યો છે જેના કારણે નગરને પૂરો પાડવામાં આવતા વિજ પુરવઠામાં લોડની સ્થિતિ ઉભી થઈ છે. વારંવાર વીજળીના ફોલ્ટ સર્જાતા હોવાના કારણે રાજ્યના ઉર્જા વિભાગ સમક્ષ મોડાસાથી અલગ બીજુ સબડીવીઝન ઉભું કરી તેમાં ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ કરવા માટે માંગ કરવામાં આવી હતી પરંતુ ઉર્જા વિભાગમાં આ મુદ્દે થયેલ રજૂઆતો ઠેબે ચઢી છે. શહેરી વિસ્તારમાં વીજળીની વધતી જતી માંગની સાથે ગામડાઓમાં પણ વીજળીના વપરાશમાં વધારો થઈ રહ્યો હોવાના કારણે એક જ ડીવીઝન ઉપર લોડ પડી રહ્યો છે જેથી ઉર્જા વિભાગ અલગ સબડીવીઝનની માંગણીને મંજૂરી આપે તો મોડાસા શહેર ઉપરાંત સંલગ્ન ગામડાઓને યોગ્ય રીતે પૂરતો વિજ પુરવઠો મળી શકે તેમ છે.

# જિલ્લામાંથી વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રસીકરણની વ્યવસ્થા

**રસીકરણ કેન્દ્રો ઉપર વોક ઈન રજીસ્ટ્રેશન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓના રસીકરણ માટે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રસીકરણ કેન્દ્રો ઉપર જ વોક ઈન રજીસ્ટ્રેશન થયા પછી વિદેશ જવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ હવે પ્રથમ ડોઝ લીધા પછી બીજા ડોઝ માટે ૮૪ દિવસ સુધી રાહ જોવી ન પડે તેવું આયોજન કરાયું છે. શહેરી વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટરો ઉપર આ આયોજન ગોઠવવામાં આવ્યું છે.

જિલ્લામાં ૧૮ થી ૪૪ વર્ષના વ્યક્તિઓ માટે રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ તે માટે કોવિડ વેબસાઈટમાં રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે અને રજીસ્ટ્રેશન થયા પછી જ રસી આપવામાં આવે છે. કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થતાં હવે રસીકરણ માટે તમામ વિસ્તારોમાં ધસારો વધ્યો છે. જેના કારણે અનેક લોકોને રસી માટે રાહ જોવાનો વારો આવ્યો છે. તેમાંય વિદેશ જવા માટે રસીની રાહ જોતા વિદ્યાર્થીઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકવું ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓ જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરી વેક્સિનેશન સેન્ટરથી જ વોક ઈન રજીસ્ટ્રેશન દ્વારા નામ નોંધાવી શકે છે. રજીસ્ટ્રેશન થયા પછી વિદ્યાર્થીઓને રસીકરણ માટે વેક્સિનેશન બ્રાન્ચ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરીને તે અંગેની જાણ કરવામાં આવે છે. ત્યાંથી મંજૂરી અપાય એટલે તરત વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને રસી આપવાનું આયોજન કરાયું છે. હાલમાં રસીના બે ડોઝ વચ્ચે ૮૪ દિવસનું અંતર રાખવાનો નિયમ છે પરંતુ વિદ્યાર્થીઓને તેમાં છૂટ મળશે અને ૨૮ દિવસ પછી રસીનો બીજો ડોઝ આપવા તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવાઈ છે.

### વિદેશ જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ખાસ નિયમ

- અરજદાર વિદ્યાર્થીઓએ નિયત કરેલા ૭માંથી કોઈપણ એક દસ્તાવેજ રસીકરણ કેન્દ્ર ઉપર રજૂ કરી વોક ઈન રજીસ્ટ્રેશન દ્વારા રસી લેવી.
- રસીકરણ બાદ વિદ્યાર્થીને વેક્સિનેટર દ્વારા જરૂરી વિગતો ભરી સહી સાથેનું રસી લીધા અંગેનું ફાઈનલ સર્ટીની બે નકલ આપવામાં આવશે.
- વિદ્યાર્થીએ આ સર્ટી કલેક્ટર કચેરી ખાતે અધિક નિવાસી કલેક્ટરના સહી-સિક્કા માટે રજૂ કરવાનું રહેશે.
- પ્રમાણપત્ર ઉપર સહી-સિક્કા થઈ ગયા પછી તેને ડિઝાસ્ટર શાખા ખાતેના સ્પેશ્યલ સેલમાં પ્રમાણપત્રની બંન્ને નકલ જમા કરાવવી પડશે.
- અધિક નિવાસી કલેક્ટરના સહી-સિક્કા પછી રજીસ્ટરમાં જરૂરી નોંધ થાય એ પછી વિદ્યાર્થીને અસલ પ્રમાણપત્ર આપવામાં આવશે.

### ગઠામણ પાટિયા પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત : ૪ ઘાયલ

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પર ગઠામણ પાટીયા પાસે ગતરોજ ટવેરા કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર લોકોને ગંભીર ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાલનપુરના ગઠામણ પાટિયા પાસે રવિવારે ટવેરા કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જૂનાગઢના જેતપુરથી રાજસ્થાનના બિકાનેર જવા નીકળેલી કારને અકસ્માત નડ્યો હતો. જેમાં ચાર લોકોને ગંભીર ઈજા થતાં તેઓને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# અંબાજીમાં રિક્ષામાં જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

યાત્રાધામ અંબાજીમાં રીક્ષામાં બેસી ફોનમાં લુડો ગેમ ઉપર જુગાર રમતાં ૪ ઈસમો ઝડપાયા છે. અંબાજી પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમી મળતાં તાત્કાલિક સ્થળ પર રેઈડ કરી હતી. જ્યાં રીક્ષામાં બેસી કેટલાંક ઈસમો મોબાઈલમાં લુડો ગેમ ચાલુ કરી જુગાર રમતાં હતા. જેથી પોલીસે તમામને ઝડપી પાડી રોકડ રકમ, મોબાઈલ અને રીક્ષા સહિત કુલ રૂ.૧,૦૪,૫૮૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના યાત્રાધામ અંબાજીમાં પીઆઈ જે.બી.આચાર્યના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન ચોક્કસ બાતમી મળેલ કે, અંબાજી ખોડીવર્લી સર્કલ પર પીયાગો રીક્ષામાં કેટલાક ઈસમો જાહેર રોડ પર મોબાઈલમાં લુડો ગેમ ઉપર પૈસા લગાવી હારજીતનો જુગાર રમી રમાડે છે. જેથી તાત્કાલિક સ્થળ પર રેઈડ કરી ચાર ઈસમોને ઝડપી પાડ્યા હતા.

અંબાજી પોલીસે ચોક્કસ બાતમી આધારે રેઈડની કાર્યવાહી દરમ્યાન રામાભાઈ હોનાભાઈ અંગારી, નવીનભાઈ સોમાભાઈ પટેલ, ભુપતજી હરચંદજી ઠાકોર અને હરેશભાઈ રમેશભાઈ અગ્રવાલને ઝડપી પાડ્યા હતા. આ સાથે તેમની પાસેથી રોકડ રકમ રૂ.૧૫૮૦, મોબાઈલ નંગ-૧ ( કિ.રૂ.૩૦૦૦) અને પીયાગો રીક્ષા ( કિ.રૂ.૧,૦૦,૦૦૦) મળી કુલ કિ.રૂ.૧,૦૪,૫૮૦) નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ તરફ તમામ ઈસમો વિરૂધ્ધ અંબાજી પોલીસે જુગાર ધારા અધિનિયમની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરની ગુરુકૃપા સોસાયટીમાં તસ્કરો ત્રાટકયા

**પરિવાર મંદિરમાં દર્શન કરવા જતા તસ્કરોએ કસબ અજમાવ્યો**

પાલનપુર, તા. ૧૪

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતા ધોળે દિવસે ચોરીની ઘટનાને તસ્કરોએ અંજામ આપ્યો હતો. શહેરના એગોલા રોડ પર આવેલી ગુરુકૃપા સોસાયટીમાં તસ્કરોએ પોતાનો કસબ અજમાવી અંદાજે રૂ.૨૫,૦૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પાલનપુર શહેરના એંગોલા રોડ વિસ્તાર પર આવેલી ગુરુકૃપા સોસાયટીમાં સુરેશભાઈ રાજગોરના મકાનનું તાળું તૂટ્યુ હતું. પરિવાર મંદિરે દર્શન કરવા ગયો ત્યારે મોકાનો લાભ ઉઠાવતા મકાનમાં ત્રાટકેલા તસ્કરો નાના મોટા દાગીના મળી અંદાજે રૂ.૨૫,૦૦૦ની ચોરી ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટનાને લઈને દોડી આવેલી પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# કાંકરેજના વિભાનેસડા નજીક કાર ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈ

**ચાલકનું ઘટના સ્થળે મોત નિપજતા પંથકમાં અરેરાટી છવાઈ**

કાંકરેજ તાલુકાના વિભાનેસડા ગામે આજે સવારના સમયે ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. અમદાવાદ પાર્સિંગની કારના ચાલકે કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે અથડાઈ હતી. સ્થાનિકોના મત મુજબ કારની ઝાડ સાથેની ટક્કર એટલી ભયંકર હતી કે, ચાલકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ હતુ. આ તરફ ઘટનાની જાણ થતાં સ્થાનિકો સહિત પોલીસ દોડી આવી હતી. જે બાદમાં મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી દવાખાને ખસેડી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના વિભાનેસડા ગામ નજીક અકસ્માતની ઘટનામાં એકનું મોત થયુ છે. આજે સવારના સમયે ગામ નજીક વર્ના કારને અકસ્માત નડ્યો હતો. જેમાં બેફામ દોડતી કારના ચાલકે અચાનક સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતાં ચાલકને ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જેને લઈ પંથકમાં અરેરાટી છવાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી થરા પોલીસે લાશ પીએમ અર્થે ખસેડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.